| Ch. No. | Name of Chapter |
| --- | --- |
| ૩. | રમકડાંની સભા |
| ૪. | પતંગ આવ્યો |
| ૫. | આવસુ માળિકડું |
| વ્યાકરણ | - ક્રિયાપદ, સર્વનામ |
| લેખન | નિબંધ - મારું પ્રિય પંખી - મોર, જન્માષ્ટમી |

Scanned with OKEN Scanner

30/6/2025

# * મારું પ્રિય પંખી - મોર *

→ મોર મારું પ્રિય પંખી છે. તે સૌથી સુંદર પક્ષી છે.

→ મોરને રંગબેરંગી પીંછાં અને ભૂરી ડોક હોય છે તેને બે પગ અને બે આંખ હોય છે.

→ મોર દાણાં અને જીવડાં ખાય છે તે સાપને મારી નાખે છે તેથી તે ખેડૂતનો સાથી કહેવાય.

→ મોર જંગલમાં ખેતરમાં શહેરના પ્રાણીબાગમાં, બગીચામાં અને મોટા બંગલાઓના કમ્પાઉન્ડમાં જોવા મળે છે.

→ મોર કળા કરીને નાચતો હોય ત્યારે ખૂબ સુંદર લાગે છે.

→ મોર 'ટેહૂક .....', 'ટેહૂક .....' બોલે છે.

→ શ્રીકૃષ્ણ મુગટમાં મોરનું પીંછું ખોસતા હતા. મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે.

Scanned with OKEN Scanner

# ૫૩. જન્માષ્ટમી

જન્માષ્ટમીનો તહેવાર શ્રાવણ વદ આઠમના દિવસે આવે છે.

જન્માષ્ટમી ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ છે. આ દિવસે જેલમાં શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ વસુદેવ અને માતાનું નામ દેવકી હતું. વસુદેવ અંધારી રાતે શ્રીકૃષ્ણને ગોકુળમાં મૂકી ત્યાંથી જશોદાની પુત્રીને લઈ આવ્યા હતા. કંસે તેને મારી નાખી હતી.

જન્માષ્ટમીના દિવસે લોકો ઉપવાસ કરે છે. મંદિરોને શણગારવામાં આવે છે. લોકો મંદિરે દર્શન કરવા જાય છે. રાતે મંદિરમાં ભજનકીર્તન થાય છે. રાતના બાર વાગે કૃષ્ણજન્મ થાય છે. લોકો ગુલાલ ઉડાડે છે અને 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી' બોલે છે. લોકો કૃષ્ણને પારણામાં ઝુલાવે છે. પછી આરતી થાય છે અને પંજરીનો પ્રસાદ વહેંચાય છે.

Scanned with OKEN Scanner

મહારાષ્ટ્રમાં માટલી ફોડવાનો કાર્યક્રમ યોજાય છે. તે જોવાની મજા આવે છે.

કેટલાંક સ્થળે જન્માષ્ટમીનો મેળો ભરાય છે. લોકો મેળાની મોજ માણે છે.

જન્માષ્ટમી આપણો મોટો ધાર્મિક તહેવાર છે.

Scanned with OKEN Scanner

२५।
[illegible]-५।२५

# ચેમકડાંની સભા

## અંઘરા શબ્દો

1. દફતર
2. મમ્મી
3. ભૂખ
4. નાસ્તો
5. બટાકાપૌંઆ
6. વાસણ
7. મોકડી
8. ચપ્પુ
9. ગૃહકાર્ય
10. ~~ક્મ~~ કમ્પ્યુટર
11. ભોજન
12. ટેલિવિઝન
13. બિચારાં
14. ઉદાસ
15. ચાસા-કુકરી
16. ભંગાર
17. ખુલ્લી
18. શરીર
19. સ્વસ્થ
20. ધૂળ
21. ટૅડીબૅર
22. દોસ્તો
23. દુઃખી
24. બેર-બૉલથી
25. પુસ્તક
26. વાતાવરણ
27. ફૂટબાલ
28. ઈચઝલ
29. સ્મિત

# અભ્યાસ

## સ્વાધ્યાય

૧. પ્રશ્નોત્તર

**મૌખિક**

પ્ર.૧ ટીકુ અને પપ્પુ રમકડાં કેમ નહોતા રમતા ?

જ.૧ ટીકુ અને પપ્પુ કમ્પ્યુટર પર રમતા હતા તેથી રમકડાં નહોતા રમતા.

પ્ર.૨ તમને સાંજે કઈ રમત રમવી ગમે છે ?

જ.૨ સાંજે ઘરની બહાર મેદાનમાં રમાતી રમત દોડ-પકડ વધારે ગમે છે.

પ્ર.૩ ઘરમાં બેસીને રમી શકાય એવી રમતો કઈ છે ?

જ.૩ લૂડો, કેરમ, પત્તા, પઝલ વગેરે રમતો ઘરમાં બેસીને રમી શકાય.

**લેખિત**

**પ્ર.૧ શાળાએથી આવીને ટીકુ અને પપ્પુએ શું કર્યું ?**

12



જ.૧ શાળાએથી આવીને હાથ-પગ ધોઈ ટીકુ અને પપ્પુએ નાસ્તો કર્યો અને ગૃહકાર્ય કર્યું.

**પ્ર.૨ ખુલ્લી હવામાં રમવું કેમ જરૂરી છે ?**

જ.૨ ખુલ્લી હવામાં રમવાથી શરીર તંદુરસ્ત બને છે અને મન ખુશ રહે છે.

**પ્ર.૩ રમકડાં કેમ ઉદાસ હતાં ?**

જ.૩ ટીકુ અને પપ્પુ રમકડાંથી રમતા નહતા તેથી રમકડાં ઉદાસ હતા.

**વિશેષ પ્રશ્નો :**

**૨. નીચેના વિધાનો કોણ બોલે છે એ જણાવો.**

(૧) અમે તો કેટલાય દિવસોથી આ બાસ્કેટમાં જ છીએ. ...ફુટબોલ...

(૨) અમને તો જાણે ભૂલી જ ગયાં છે. ...લૂડો...

(૩) અમારી ઉપર તો ધૂળ જામી ગઈ છે. ...પુસ્તકો...

(૪) આપણે દાદીમા પાસે જવું જોઈએ. ...ટેડીબેર...

**૩. યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.**

(૧) ઓરડાના એક ખૂણામાં રમકડાનું ...બાસ્કેટ... પડયું હતું.

(૨) પપ્પુ પંપથી ...ફૂટબોલમાં... હવા ભરે છે.

(૩) ટીકુ અને પપ્પુ ...કમ્પ્યુટરમાં... જ રમત રમે છે.

Scanned with OKEN Scanner

૪. **મૂલ્યવર્ધક પ્રશ્નો.**

૧. **તમારાં રમકડાં જૂના થઈ ગયા છે, હવે એનું શું કરશો ? જણાવો.**

જ.૧ બાળકોને જણાવો કે તમારી આજુબાજુ એવા કેટલાય બાળકો છે જેની પાસે પુસ્તકો, કપડાં, રમકડાં નથી હોતા. જે પુસ્તકો તમારા કામના નથી એ એવા બાળકોને આપી દો. એમને વાંચતા પણ શીખવાડો. જે રમકડાં તમે નથી રમતા એ પણ એમને આપી દો.

૨. **સાચા વિધાનની સામે ☺ નું ચિહ્ન લગાવો.**

**મિત્રો સાથે ઘર બહાર ખુલ્લી હવામાં રમવાથી આપણે-**

(ક) આળસુ બની જઈએ.

(ખ) ખુશ રહીએ. ☺

(ગ) આપણે એકલા પડી જઈએ.

(ઘ) આપણું શરીર સ્વસ્થ રહે. ☺

(ચ) આપણે ઉદાસ થઈ જઈએ.





## ભાષાજ્ઞાન

**ક) ને, ની, માં, ના વગેરેમાંથી યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

૧. ઓરડા···ના··· ખૂણામાં રમકડાંનું બાસ્કેટ પડયું હતું.

૨. એમના મગજ···ને··· કસરત મળશે.

૩. રાત્રે જમી···ને··· તેઓ સૂઈ ગયા.

**ખ) શબ્દો યોગ્ય ક્રમમાં ગોઠવી વાક્યો ફરીથી લખો.**

૧. **કોઈ નથી અમારી જોડે રમતું.**

···અમારી જોડે કોઈ રમતું નથી.···

૨. **રમકડાં છે પણ ઉદાસ.**

···રમકડાં પણ ઉદાસ છે.···

૩. **મારી ગઈ છે હવા નીકળી તો.**

···મારી તો હવા નીકળી ગઈ છે.···

Scanned with OKEN Scanner

PA-2

Thursday

3/7/2025

પાઠ - ૪ પતંગ આવ્યો

| Page No. | |
|---|---|
| Date | |

## * અઘરા શબ્દો *

૧ પતંગ

૨ અગાશી

૩ મસ્તી

૪ પંખીડાં

૫ ફરફી

૬ દાડમ

૭ આરામ

૮ ઝાડ

૯ પિંકુ

૧૦ ઊંચે

૧૧ આકાશ

૧૨ પીળાં

૧૩ ગુલાબી

૧૪ મેઘધનુષ

૧૫ ગગન

૧૬ સંગીત

૧૭ હરીફાઈ

૧૮ હાર-જીત

૧૯ આનંદ

૨૦ મીઠ્ઠી

૨૧ જલેબી

૨૨ ઊંધિયું

૨૩ ઉજાણી

૨૪ રંગબેરંગી

૨૫ શણગારીએ

Scanned with OKEN Scanner

# અભ્યાસ

## સ્વાધ્યાય

૧. પ્રશ્નોત્તર

**મૌખિક**

**પ્ર.૧ બાળકો કયો તહેવાર મનાવી રહ્યા હતા ?**

જ.૧ બાળકો ઉત્તરાયણ મનાવી રહ્યા છે.

**પ્ર.૨ કોને જલ્દી દાણા ખાવાનું કહેવામા આવે છે ?**

જ.૨ પક્ષીઓને જલ્દી દાણા ખાવાનું કહેવામા આવે છે.

**પ્ર.૩ બાળકો ક્યાં મસ્તી કરશે ?**

જ.૩ બાળકો અગાશીમાં મસ્તી કરશે.

16

**લેખિત**

**પ્ર.૧ કવિતામાં પંખીઓને આરામ કરવાનું શા માટે કહેવામા આવે છે.**

જ.૧ પતંગની દોરીથી પક્ષીઓ ઘાયલ થાય નહીં અને બાળકો ચિંતામુક્ત થઈને પતંગોત્સવની ઉજવણી કરે તે માટે પંખીઓને દાણા ચણીને વૃક્ષ પર આરામ કરવાનું કહે છે.

**૨. બાળકો કેવી રીતે ઉત્તરાયણના તહેવારની ઉજવણી કરે છે ? તમારા શબ્દોમાં લખો.**

જ.૨. બાળકો પોતાના મિત્રો સાથે રંગબેરંગી પતંગો લઈને અગાશી પર જઈને પતંગ ચગાવશે, પેચ લડાવશે, લપેટ...લપેટ એવી બૂમો પાડશે વિવિધ વાનગીઓનો સ્વાદ માણશે આ રીતે પતંગોત્સવની



ઉજવણી કરશે.

**૩. કઈ કઈ વાનગીઓ ઉત્તરાયણના દિવસે બને છે ?**

જ.૩. ચીક્કી, જલેબી અને ઊંધિયું વગેરે વાનગીઓ ઉત્તરાયણના દિવસે બને છે.

**૩. નીચેના શબ્દો પરથી વાક્ય બનાવો .**

**૧. મનોરંજન :** લોકમેળામાં અનેક મનોરંજનના કાર્યક્રમો થાય છે.

**૨. સંગીત :** નિર્મળા શાસ્ત્રીય સંગીતનું સંપૂર્ણ જ્ઞાન ધરાવે છે.

**૩. અગાશી :** બાળકો અગાશીમાં સુંદર પતંગો ચગાવે છે.

**૪. રંગબેરંગી :** ફુગ્ગાવાળો રંગબેરંગી ફુગ્ગા વેચી રહ્યો છે.

**૪. નીચે આપેલ આડી- અવળી લીટીમાંથી તહેવારના નામ લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| દી | બ | ળે | વ | કો | ઉ |
| જ | વા | હો | જ | ત્ત | ફ |
| ન | ઈ | ળી | રા | ફ | પ |
| મા | દ | ય | ધૂ | ળે | ટી |
| ષ્ટ | ણ | ન | વ | રા | ત્રી |
| મી | રા | મ | ન | વ | મી |

Scanned with OKEN Scanner

(દિવાળી, બળેવ, નવરાત્રી, ધૂળેટી,નાતાલ,રામનવમી, જન્માષ્ટમી, ઈદ, ઉત્તરાયણ, હોળી)

**૫. નીચે આપેલ ચિત્ર જોઈને ઉત્તરાયણમાં શું કરવું લીલા રંગથી ◯ અને શું ન કરવું એના લાલ રંગથી ☐ નિશાન બનાવવું.**

૧. પક્ષીઓને દાણા નાખીશું.◯

૨. પતંગ લૂંટવા માટે દોડીશું નહીં.☐

૩. ચીક્કીની મજા મણીશું ◯

૪. વીજળીના તારથી દૂર રહીશું.☐

૫. સાવધાની સાથે તહેવાર મનાવીશું ◯

૬. વાહન પર બેસીએ ત્યારે ગળામાં મોટું કપડું લગાવીને બેસીશું ◯



Scanned with OKEN Scanner

Page No.
Date

## વ્યાકરણ ક્રિયાપદ (verb)

વ્યાખ્યા - વાક્યના અંત આવતા અને ઘટના સ્થિતિ દર્શાવતા શબ્દો કે શબ્દસમૂહને ક્રિયાપદ કહે છે

• સામાન્ય રીતે તે વાક્યના અંતે જ આવે છે

ઉ.દા (1) રમણ પતંગ ચગાવે છે

(2) રાધા રામ રમી.

→ આ વાક્યોમાં 'ચગાવે છે' અને 'રમી' ક્રિયાપદ કહેવાય.

ઉ.દા (1) ટપાલીએ પત્ર આપ્યો.

(2) રોનકે ચિત્ર દોર્યું.

(3) પ્રિય રવિએ કનુને દડો આપ્યો.

(4) મમ્મીએ બાળકને દવા પીવડાવી.

(5) મોહને રોટલી ખાધી.

Scanned with OKEN Scanner

Date

17/7/25

# સ્વાધ્યાય

પ્ર-૧ આપેલ વાક્યોમાંથી ક્રિયાપદ શોધી લીટી કરો

(૧) મહારાજે સેનાપતિ ને આજ્ઞા કરી.

(૨) લાકડામાંથી રમકડાં અને કાંસકી બને છે.

(૩) માધવ મોરલી વગાડે છે.

(૪) સીતાએ રામને વરમાળા પહેરાવી.

(૫) અમે આજે જલેબી - ફાફડા ખાધા.

પ્ર-૨ વાક્યોમાં થી ક્રિયાપદ શોધી યોગ્ય ~~જગ્યા~~ જગ્યાએ મુકી વાક્યો ફરી લખો.

(૧) ~~કો હોડી~~ હોડી બનાવી કાગળની અમે

→ અમે કાગળની હોડી બનાવી.

(૨) ~~કરીઓ~~ કર્યો હુકમ સૈનિકોને રામ એ

→ રામ એ સૈનિકોને હુકમ કર્યો.

Scanned with OKEN Scanner

14/7/25

# વ્યાકરણ - સર્વનામ

* વ્યાખ્યા - સંજ્ઞા (નામ) ને બદલે જે શબ્દ વપરાય તેને "સર્વનામ" કહેવાય.

* ઉદાહરણ - હું, મારું, મને, અમે, આપણું, આપણને તું, તારું, તને, તમારું, તમને, તે, તેને, તેનું, તેઓ, તેઓને વગેરે

. સર્વનામ ને ઉપયોગથી વાક્ય ટૂંકુ અને સરળ બને છે

→ જ્યારે વાક્યમાં કોઈ એક જ વ્યક્તિ

ઘ રમેશ ખેતરમાં ગયો હતો રમેશે ખેતરમાં એક રીંછ જોયું રીંછ એક ઝાડ નીચે સૂતું હતુ ~~રીંછની~~ રીંછનાબે બચ્ચાં રમતા હતા બંને બચ્ચા રમતા રમતા ઝઘડવા લાગ્યા.

ઘ રમેશ ખેતરમાં ગયો હતો રમેશે ખેતરમાં એક રીંછ જોયું તે એક ઝાડ નીચે સૂતું હતુ. તેની પાસે નબાબે બચ્ચાં રમતા હતા બંને તેઓ રમતા રમતા ઝઘડવા લાગયા.

Scanned with OKEN Scanner

Friday
17/7/25

* યોગ્ય સર્વનામ મૂકી ખાલી જગ્યા પૂરો.

① ગમે તેવું કામ હશે તોપણ હું શીખી લઈશ.

② તમને શું જોઈએ છે?

③ જેવા ઘરમાં માણસો તેવું તેમનું ઘર.

④ હું મગનભાઈની દીકરી છું.

⑤ આજે મારી શાળામાં રજા છે.

⑥ મને સફરજન ભાવે છે

* *સ્વાધ્યાય*

* વાક્યોમાં સર્વનામ નીચે લીટી કરો

① આજે તમારે ક્યાં જવાનું છે?

② મમ્મીએ તને અહીં બેસવા કહ્યું છે.

③ પેલા બજારમાં શાકભાજી સસ્તું છે.

④ આપણા વર્ગમાં તારા કેટલા મિત્રો છે?

⑤ ~~તેમે~~ તેણે આજે નવી સાઈકલ લીધી.

Good 21/7

Scanned with OKEN Scanner

Monday

{પાઠ - ૬ આળસુ ગધેડું}

7/7/2025

## શ્રુતલેખન/અઘરા શબ્દો

| | |
|---|---|
| ૧. સુંદરપુર | ૧. સુંદરપુર |
| ૨. ગધેડું | ૨. ગધેડું |
| ૩. કગ્યા | ૩. કુરયા |
| ૪. માણેકડું | ૪. માણેકડું |
| ૫. વેપારી | ૫. વેપારી |
| ૬ ખરીદ્યું | ૬. ખરીદ્યું |
| ૭ વજનદાર | ૭. વજનદાર |
| ૮ માલિક | ૮. માલિક |
| ૯ ઊભું | ૯. ઊભું |
| ૧૦ ત્યારે | ૧૦. ત્યારે |
| ૧૧ ચાલાકી | ૧૧. ચાલાકી |
| ૧૨ વિચાર્યું | ૧૨. વિચાર્યું |
| ૧૩ બોલ્યો | ૧૩. બોલ્યો |
| ૧૪. આળસુ | ૧૪. આળસુ |
| ૧૫. બોધપાઠ | ૧૫. બોધપાઠ |
| ૧૬. બિચારું | ૧૬. બિચારું |
| ૧૭. પહોંચીને | ૧૭. પહોંચી |
| ૧૮. ફસડાઈ | ૧૮. ફસડાઈ |

Scanned with OKEN Scanner

# અભ્યાસ

## સ્વાધ્યાય

૧. પ્રશ્નોત્તર

**મૌખિક**

**પ્ર.૧ પોતાના પર મીઠાનું વજન હતું ત્યારે માણેકડું શું વિચારતું હતું?**

જ.૧ માણેકડાંની પીઠ ઉપર જ્યારે મીઠાનું વજન હતું ત્યારે તે વિચારતું હતું કે –માલિકે આ શું ખરીદ્યું છે ? કેટલું ભારે છે કે મારાથી ઊંચકાતું પણ નથી.

**પ્ર.૨ માણેકડાની પીઠ ઉપર વેપારીએ રૂ નાખ્યું ત્યારે તે શું વિચારવા લાગ્યું?**

જ.૨ માણેકડાની પીઠ પર વેપારીએ રૂ નાંખ્યું ત્યારે તે માણેકડું વિચારતું હતું કે આ વખતે વજન ઓછું છે પાણીમાં બેસીશ તો સાવ ઓછું થઈ જશે.

**લેખિત**

**પ્ર.૧ વેપારીએ બજારમાંથી મીઠું કેમ ખરીદ્યું?**

જ.૧ વેપારીએ સાંભળ્યું કે બજારમાં મીઠું ઓછા ભાવે મળે છે. તેથી તેણે મીઠું ખરીદ્યું.

19

**પ્ર.૨ પહેલીવાર માણેકડું નદીમાં જાણી-જોઈને પડયું હતું ?**

જ.૨ ના, પહેલીવાર મીઠાના વજનના કારણે માણેકડું નદીમાં બેસી પડયું હતું.

**પ્ર.૩ પાણીમાં બેસવાથી ગધેડાની પીઠ પરનું વજન કેમ વધી ગયું ?**

જ.૩ તે વખતે ગધેડાની પીઠ પર રૂ હતું. રૂ પાણી ચૂસી લે છે. પાણી ચૂસીને રૂ વજનદાર થઈ જાય છે. તેથી ગધેડાની પીઠ પરનું વજન વધી ગયું.

**૨. સાચા ઉત્તર પર ✓ નિશાની કરો.**

**૧. વેપારી પાસે શું હતું ?**

☐ કૂતરો ☑ ગધેડો ☐ બિલાડી

**૨. માણેકડું ક્યાં પડયું?**



☐ ખાડામાં ☐ સડક પર ☑ પાણીમાં

**૩. માણેકડા પર વજન ઓછું કેમ થઈ ગયું ?**

☐ પાણીમાં પડી જવાથી ☑ મીઠું પાણીમાં ઓગળી જવાથી

**૩. ખાલી જગ્યા પૂરો.**

૧. બજારમાં મીઠું ···ઓછા··· ભાવે મળતું હતું. (વધારે/ઓછા)

૨. રૂમાં પાણી ભરાવાથી રૂ ···ભારે··· થઈ ગયું. (હલકું/ભારે)

૩. વજન ઓછું થવાથી માણેકડું ···ખુશ··· થઈ ગયું. (ખુશ/ઉદાસ)

**૪. મૂલ્યવર્ધક પ્રશ્નો.**

**મહેનત કરવી કેમ સારી વસ્તુ છે ? ☺ બનાવીને જણાવો.**

૧. આપણું કામ થઈ જાય છે. ☺

૨. આપણને ખુશી થાય છે. ☺

૩. આપણને કામ કરતા આવડે છે. ☺

૪. બીજા પર આધાર રાખવો પડતો નથી. ☺

૫. સારું નથી લાગતું. ☺

૬. શરીર સ્વસ્થ રહે છે. ☺

Scanned with OKEN Scanner

૧. નીચે આપેલા શબ્દ જૂથમાં કયો શબ્દ અલગ છે ?

૧) ગધેડો, ઘોડો, ગાય, ઊંટ, માછલી

૨) બટાકા, ટામેટા, ગાજર, પાલક, કેરી

૩) કમળ, ગુલાબ, લીમડો, ચંપો, ચમેલી

૨. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.

(પર, માં, ને, ની)

૧) માણેકડું માલિક ···ની··· સાથે ચાલવા લાગ્યું.

૨) વેપારીએ માણેકડાની પીઠ ···પર··· સામાન મૂક્યો.

૩) વેપારી માણેકડા ···ને··· લઈ મીઠું ખરીદવા ગયો.

૪) મીઠું પાણી ···માં··· ઓગળી ગયું.

૩. 'રુ' અને 'રૂ' વાળા શબ્દો લખો.

રુ ···ગુરુ···, ···ચરુ···

રૂ ···રૂપિયા···, ···રૂમાલ···

20



૪. જોડાક્ષરવાળા શબ્દો પાઠમાંથી શોધીને લખો.

ઉદાહરણ – ···રસ્તો··· ···જગ્યા··· ···બોલ્યો···

···ખરીદ્યું··· ···સાંભળ્યું··· ···વિચાર્યું···

Scanned with OKEN Scanner